**સંશોધન નિયામકશ્રીની કચેરી**
**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**આણંદ-૩૮૮ ૧૧૦**

વંચાણે લીધો:
1. અત્રેની કચેરીના પરીપત્ર જા.નં. આકૃયુ/સંનિ/ટી.૧/૨૬૦૨/૨૦૨૪ તા.૧૬/૦૭/૨૦૨૪
2. અત્રેની કચેરીના પરીપત્ર જા.નં. આકૃયુ/સંનિ/ટી.૧/૫૯૨૮-૩૧/૨૦૨૪ તા.૧૩/૧૧/૨૦૨૪
3. સિક્યુરીટી કમિટીની ૨૯મી બેઠકની કાર્યનોંધના મુદા નં.૨૯.૪

# પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધેલ સંદર્ભિત પરીપત્ર - ૧ અને ૨ થી મુખ્ય કેમ્પસ તથા પેટા કેન્દ્રો ખાતે સી.સી.ટી.વી. કેમેરા મુકવા માટે જણાવેલ હતું. આ બાબતે અત્રેની કચેરી દ્વારા ચકાસણી કરતા અમુક યુનિટ/સબ યુનિટ દ્વારા સદર કામગીરી પૂર્ણ કરેલ હોય તેમ જણાતું નથી. જેથી સદર બાબતની ગંભીરતા સમજીને સી.સી.ટી.વી. કેમેરા મુકવા માટે તાત્કાલિકના ધોરણે કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.

વધુમાં, વંચાણે લીધેલ સંદર્ભિત પરીપત્ર – ૧ માં આપેલ વિગતવાર ગાઇડલાઇન/સુચનાનો અમલ કરવાનો રહેશે.

ઉપરોકત વંચાણે લીધેલ સંદર્ભ-૩થી નકકી થયા અનુસાર સી.સી.ટી.વી કેમેરાની ખરીદીમાં ટેકનિકલ માર્ગદર્શનની જરૂરીયાત જણાય તો નિયામકશ્રી (આઇ.ટી.)ની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે તેમજ સી.સી.ટી.વી કેમેરા તથા તેને સંલગ્ન આઇટમો ખરીદવા જરૂરી ગ્રાન્ટની માંગણી કરતા પહેલા નિયામકશ્રી (આઇ.ટી.)ની કચેરીનો તાંત્રિક અભિપ્રાય અવશ્ય સામેલ કરવાનો રહેશે.

સદર પરિપત્રને પ્રાથમિકતા આપીને ચુસ્તપણે અમલ કરવાનો રહેશે તેમજ સદર કામગીરી પૂર્ણ થયે અત્રેની કચેરીને જાણ કરવાની રહેશે.

**જા.નં. આ.કૃ.યુ/સં.નિ./ટી.૧/ ૯૩૦૦ /૨૦૨૪**
**તા. ૫ /૨ /૨૦૨૪**

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષ**

**નકલ રવાના પ્રતિ,**

1. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ.
2. નિયામકશ્રી (આઇ.ટી.), આ.કૃ.યુ., આણંદ તરફ જાણ તથા જરૂર જણાયે સંબંધિત યુનિટ/સબ યુનિટને તાંત્રિક માર્ગદર્શન આપવા સારૂ.
3. આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.